# સુકાં હાડકાની ખીણ

કેવી રીતે પવિત્ર આત્મા આપણું બદલાણ કરે છે તે બાળકોને સમજાવો.

**પ્રાર્થના :** ''પ્રભુ સદાકાળના મહિમામાં, મૃત્યુમાથી ઉઠાડશો એવી ખાતરી અમારા બાળકોને આપો.''

બાળકોને શીખવાડવામાં આવતી કોઈપણ એક પ્રવૃત્તિ ચૂંટી કાઢો.

સુકા હાડકાંથી ભરેલી ખીણનું હઝકિયેલને આપેલું તે મોટા બાળકને અથવા તો શિક્ષકને વાંચવાનું અથવા કહેવાનું કહો. (હઝકિયેલ ૩૭:૧-૧૪) ઈશ્વરે ઈસ્ત્રાએલી લોકને બચાવની આશાનું પ્રબોધક હઝકિએલ મારફતે આપેલું વચન, પ્રથમ બાળકોને ધ્યાનથી સાંભળવાનું કહો.



વાર્તાનુ આનુષાંગીક પ્રશ્નો પૂછો (ફક્ત જરૂર મુજબ જવાબ કહો).

- હાડકાંથી ભરેલી ખીણ પ્રબોધકને કોણે દેખાડી ?

  જવાબ: કલમ ૧ જુઓ.
- જ્યારે તેણે હાડકાંને પ્રબોધ્યા ત્યારે હઝકિએલે શું સાંભળ્યું ?

  જવાબ : કલમ ૧૦ જુઓ.
- શું બતાવે છે ?

  જવાબ : કલમ ૧૧. આ હાડકાં તેના લોકોના હતા.
- ફરીથી જીવે તે માટે ઈશ્વરે ક્યું વચન તેના લોકોને આપવુ કહ્યું ?

  જવાબ ; કલમ ૧૪ જુઓ.

  **વાર્તાના આ ભાગનું નાટક ભજવો.**
- ભજનસેવામાં આ નાટક ભજવવા માટે આગેવાન સાથે વ્યવસ્થા કરો.
- બાળકોને તૈયાર કરવામાં તમારો સમય કાઢો.
- તમારે દરેક ભાગો ઉપયોગ કરવો જરૂરી નથી.

- મોટા બાળકોને અથવા તો પુખ્તોને આ ભાગો ભજવવા કહો.

  **ઉદ્‌ઘોષક** બાળકોએ યાદ રાખી શું કહેવું તે માટે મદદ કરો અને વાર્તાને ટૂંકી કરો.

  **ઈશ્વરનો અવાજ**

  **હઝકિયેલ**.

- નાના બાળકોને આ ભાગો ભજવવા દો.

  **હાડકાં.** આંખો બંધ કરી જમીન પર પડ્યા રહો.

  **પવન.**

**સુકાં હાડકાંનું દર્શન**

**ઉદ્‌ઘોષક** : હઝકિયેલ ૩૭:૧-૧૪ માંનું દર્શન કહો અથવા વર્ણવો.

પછી કહો, ''ઈશ્વર શું કહે છે તે સાંભળો.''

**ઈશ્વરવાણી:** ''હઝકિયેલ, હું મારા લોકોનું ભવિષ્ય તને દેખાડવા માંગુ છું. હાડકાંથી ભરેલી આ ખીણ જો, આ હાડકાં જીવતાં થઈ શકે ?''

**હઝકિયેલ** : ''પ્રભુ, તે ફક્ત તમે જાણો છો.''

**ઈશ્વરવાણી:** ''તેઓને કહે કે હું તેમને ભેગા કરીશ અને શ્વાસ મૂકીશ.''

**હઝકિયેલ** : ''સુક્કાં હાડકાં, તેમે સજીવન થશો !''

**હાડકાં** : ''હજું પણ આંખો બંધ કરી, ખખડવાનો અવાજ કરી પાસે આવો.''

**હઝકિયેલ** : ''હવે પ્રભુ તેમનો આત્મા તમારામાં મુકશે અને તમે જીવશો. પવન, ફુંકાવો !''

**પવન** : હાડકાં પર પવન વાય છે.

**હાડકાં** : (સૈનિકોની માફક કુદકો મારી સીધાં ઉભા રહી કહે) '' પ્રભુએ અમને જીવન આપ્યું !''

''અમે એક અને ફક્ત સર્વશક્તિમાન ઈશ્વરને વખાણીએ છીએ ! ''

''મહિમામાં તેની સાથે કાયમ રહેવા ઈશ્વર મૂએલામાંથી ઉઠાડે છે.''

**ઉદ્‌ષોક અથવા મોટો બાળક.** જેઓએ એ નાટક માટે મદદ કરી તે સર્વ નો આભાર માને.

**પ્રશ્નો પૂછો.** ઉપર જણાવેલ સવાલો, આ વાર્તાનું નાટક મોટા (પુખ્તો) માટે ભજવ્યું હોય તો તે જ સવાલો મોટાઓને પણ પૂછો.

**પૂછો.** ઈશ્વરે આપણને જે વચનો આપ્યા હતા તે ભવિષ્યમાં પૂરા થશે ! (બાળકોને અથવા મોટા (પુખ્તો)ને દાખલા આપવા દો)

હાડકાંઓનું અથવા હાડપિંજરનું મોટું **ચિત્ર દોરો.**

- મોટા ચિત્રને મોટા ટૂકડાઓમાં કાપો અને એક કોયડાની માફક બાળકોને તેમને ફરીથી ભેગા કરવા દો.
- બાળકોને ચિત્રની નકલ કરવા દો.
- નાના બાળકોને મોટા બાળકો મદદ કરે.
- ઘેર અથવા ભજનસેવા વખતે બાળકો તેમના ચિત્રો મોટેરાંઓને દેખાડે.
- તેઓ ગમે તેટલાં ખરાબ હોય છતાં પણ દેવનો આત્મા કેવી રીતે બદલાણ કરે છે તેનું વર્ણન હાડકાંના દાખલાથી કરો.

- હાડકાં આપણને એ પણ યાદ દેવડાવે છે કે ઈશ્વર આપણને મૂએલાંમાંથી ઉઠાડી કાયમ માટે તેની સાથે મહિમામાં રાખશે.



- ઈસુ મારફતે અનંતજીવન આપણને મળે છે કારણકે તેણે એકલાએ આપણી જગ્યા લીધી. આપણા પાપોની ખંડણી ભરી અને આપણી શરમ તેના ઉપર લીધી તે મૂએલાંમાંથી ઊઠ્યો કે જેથી કરીને આપણને તેની પાસે લાવે. તેણે આપણે માટે માર્ગ ખુલ્લો કર્યો.

૨ કાળવૃતાંત ૭:૧૪ **મુખપાઠ કરો.**

ગીત યાદ કરી બોલી જાઓ યર્મિયા ૩૧:૩૩,૩૪ માંથી બે બાળકો બોલો.

કેવીરીતે પવિત્ર આત્મા આપણને જીવન આપે છે તે વિષે મોટા બાળકો કાવ્યો,ગીતો અથવા નાટકો લખે.

**પ્રાર્થના :** ''વહાલાં પ્રભુ, સુકાં હાડકાં ને ઊઠાડીને ફરીથી ચલાવવા માટે તમે એકલાંજ શક્તિમાન છો. અમ મુએલાંઓમાં જીવનનો શ્વાસ મૂકો. અમારા પાપોને લીધે આત્મિક રીતે મૂએલા છીએ, પણ તમે અમને કાયમનું પવિત્ર નવજીવન પમાડ્યું છે.''